
# અવધૂતી આનંદામૃત (રુદ્રાક્ષ)

(અવધૂતી આનંદ-ભજનો, અનસૂયા બાવની, દોહરા, મંત્રો, અન્ય ભજનો)



સાચો સંત બોલતો નથી. છતાંય એના મૌનમાંથી જે મળે છે તે તેના બોલવાથી નથી મળતું. આંખથી જેટલું જુઓ, કાનથી જેટલું સાંભળો તેટલું બધું મુખથી બહાર ન કાઢો ભગવાને બે આંખ આપી છે, કાન બે આપ્યા છે. પણ જીભ એક આપી છે અને તે પણ હોઠ અને દાંતથી ઢંકાયેલી છે તે ખૂબ ખ્યાલમાં રાખો. - પૂ. શ્રી

જો આ ઉપદેશ કરનારાઓ પાંચ વર્ષ સુધી મૌન સેવે અને મૌનવ્રત લે તો સમાજ પોતાની મેળે વિચાર કરતો થાય. સમાજને આજકાલના કલહભર્યા જીવનમાંથી શાંતિ પ્રાપ્ત કરવાની ક્ષુધા જાગ્રત થઈ છે પણ તેને માટે પોતેજ વિચાર કરવાને બદલે બીજાઓના વિચારો (પૂર્વાકર્માનુસાર ગ્રંથીઓથી બંધાયેલા) સાંભળીને તેટલાથી જ સંતોષ માને છે. જો પોતે જ વિચાર કરતા થાય તો એનું ઈષ્ટ પરિણામ આવે એમાં શંકા નથી. - પૂજ્યશ્રી


વેદો પણ આત્માનું વર્ણન કરતા મૌન થઈ ગયા. છાનામાના ચૂપચાપ પ્રભુનું ભજન કરો. સર્વ અર્થકારી મૌનનું જ હું સેવન કરું છું (પૂ. શ્રી રંગઅવધૂત મહારાજ) એકપણ શબ્દ એવો ન ઉચ્ચારો જેથી એનાં (પ્રભુના) વિશ્વ સંગીતમાં ક્ષોભ ઉત્પન્ન થાય.

મૌન એ ખરેખર મુમુક્ષુ માટે અત્યંત શક્તિદાયક છે. મૌનમાંજ મુનિજનો મોજ માણે છે. - પૂજ્યશ્રી

ભક્તિ જ્ઞાન શબ્દથી સમાપ્ત થાય છે અને મૌનથી શરૂ થાય છે.

created using
BCL easyPDF
Printer Driver
Click here to purchase a license to remove this image

# આશિર્વાદ



જેણે આ જગત નિર્માણ કર્યું છે તે નિર્માણ કરનારી શક્તિ માનવીનો આકાર લઈને અહીં માનવોને આશ્વાસન આપતી જાય છે કે "દિકરા ! રડ નહિં, હું ઊભો છું" જે ભાવપૂર્વક પરમાત્માને શરણે જાય છે તેને દુ:ખ રહેતું નથી. – ગીતાજી.


હું મારા ભક્ત પર એવી કૃપા કરું કે જેથી એ કદી દુ:ખી ન થાય અને સ્વપ્નમાં પણ એ આધિ, વ્યાધિ અને ગરીબાઈનો અનુભવ ના કરે. એના પુત્ર પૌત્રો આનંદથી દીર્ઘાયુ ભોગવશે અને એ ભક્ત અહીં દરેક પ્રકારનું સુખ ભોગવી અંતે મુક્તિ પામશે.

મુખમાં અવિનાશી ભગવાન્નામ, હાથે સર્વ મંગલ કામ ને હૈયે હનુમાનશી અડગ હામ રાખીને ધપ્યે જાઓ, ધપ્યે જાઓ વિજય તમારો છે વિજય તમારો છે. – પૂ. શ્રી.

ચિતા ભડભડ બળી રહી, ત્યાંતો એકાએક<br>
અવધૂતજીનો વામહસ્ત ઊંચો થયો હા ! છેક, રંગલીલીમૃત ૭૧/૨૪૭<br>
  નીચેથી ઊંચો થઈ અર્ધચંદ્ર આકાર,<br>
  ડાબેથી જમણી તરફ હસ્ત થયો પસાર. ૭૧/૨૪૮<br>
આશીષ દેતા હોય તેમ, ધીમે થયો પસાર.<br>
પૂરો કરી ગોલાર્ધ એ પડયો ચિતા મોઝાર. ૭૧/૨૪૯<br>
  ઊંચો થયેલો હસ્ત હા ! જોતા તેણી વાર.<br>
  હજારો ભક્તોએ કર્યો ભાવભર્યો ચિત્કાર. ૭૧/૨૫૦<br>
અવધૂતચિંતન નાદથી, ગાજી ઊઠયું ગગન,<br>
છેલ્લા આશિષ ભક્તને, આપે રુકમા રતન ! ૭૧/૨૫૧<br>
  સદ્‌ગુરુ આશિર્વાદ જે, વૃથા કેમતે થાય ?<br>
  નિષ્ઠા જેવી અંતરે, ફળ તેવું જ પમાય. ૬૭/૪૩

created using
BCL easyPDF
Printer Driver
Click here to purchase a license to remove this image

# ભજન સંગીત



પરમાત્માના દિવ્ય જન્મકર્મના ગાન કરવા. સર્વ ચિંતા અવધૂતને સોંપી કેવળ પ્રભુ ભજન કરવું. વળી બીજું પણ સાંભળીલો મને ભજન સંગીત ઉપર ખૂબ પ્રેમ છે. એટલે મારા નિમિત્તે જે કોઈ શુધ્ધ ભક્તિભાવથી ભજન કરશે અને મારી મનોરમ્ય લીલાનું કીર્તન કરશે તેના ઘરમાં હું રહીશ. એણે પ્રારબ્ધથી ડરવાનું નહિ રહે. એના ઘરમાં લક્ષ્મીનો અખંડ વાસો રહેશે. અને એ કદી મોહમાં નહિ સપડાય. – નૃસિંહ સ્વામી ગુ.લી.પોતાના પરમસુખ માટે જ ભજન કરવાનું છે, પરને માટે નહીં.

નિશ્ચયપૂર્વક માનો કે આ કલિયુગમાં પરમાત્માનું નામસંકીર્તન એજ સાક્ષાત્ મનોવાંછા પૂરી કરી ચિર શાંતિ આપનાર કલ્પવૃક્ષ છે. પ્રભુનું સંકીર્તન એજ જીવનનો સાચો ખોરાક છે. – પૂ. શ્રી

સદ્‌ગુરુનાથ વાસુદેવનું જ મનન ચિંતન કરો. સર્વાન્તરયામી વાસુદેવનું જ ભજન કરો. વાસુદેવ આદેશ – આદર્શોને માટે જ જીવન સમર્પણ કરો. પ્રાણીમાત્રમાં પરિવ્યાપ્ત શ્રી વાસુદેવને જ નમન કરો. એમ કરીને આપ સર્વે શ્રી વાસુદેવને પ્રાપ્ત કરી વાસુદેવમય થઇ જશો એવી ગુરુપુત્ર રંગ અવધૂતની પ્રતીજ્ઞા છે કારણ કે આપ બધા મને અત્યંત પ્રિય છો. – પૂ. શ્રી

સર્વ સામર્થ્યનું મૂળ ભજન છે. એ વીના બીજુ બધું અવધૂતને મન ઝાંઝવાના નીરથીયે ફીક્કું છે. સંસારની ચિંતા શું કરો છો ? જેમ અવધૂતે પોતાનું બધું તમારે ચરણે, ભક્તોને ચરણે અર્પણ કર્યું છે તેમ તમે તમારું સર્વસ્વ અવધૂતને ચરણે અર્પણ કરી નિશ્ચિંત કાં નથી બેસતા ? એ પ્રભુનું વચન (ગીતાજી) વિસરી ન જાઓ. – પૂજ્ય શ્રી



created using
BCL easyPDF
Printer Driver
Click here to purchase a license to remove this image

# બાપજીનો લંબાવેલો હાથ



કૃપાનિધાન ભગવાન શ્રી રંગાવધૂત મહારાજ આહ્વાહન ભાવના હસ્તકમલ થકી આર્ત, અથાર્થી, જ્ઞાની અને મુમુક્ષુ ભક્તોને આવકારી કહી રહ્યો છે કે જગતની સર્વ ચિંતા છોડી આવો અને પ્રભુ ભકિતના પરમાનંદનો લ્હાવો લો. આવો, પકડો મારો હાથ અને સર્વ ચિંતા મને સોંપી નચિંત થાઓ.

એક વખત ગુરુએ જેને પોતાનો બનાવ્યો તેનો બધો જ ભાર પોતે વેંઢારે છે. સમર્થ ગુરુ એક વખત જેનો હાથ પકડે છે તેને જન્મજન્માંતર સુધી સૂનો મૂકતો નથી. ગુરુએ જેને પોતાનો કર્યો, જે સર્વ રીતે સર્વ ભાવે પ્રભુનો બન્યો તેને દુષ્ટ દુઃખ કયાં છે ?

પરમકૃપાળુ પરમાત્મા જીજ્ઞાસુને સામા આવીને અપનાવે છે. પણ કયારે ? માત્ર હાથ લાંબો કરો અને માતા જેમ બાળકને વ્હાલથી પોતાના પડખામાં લેવાને સામે ઊભી જ છે તેમ પૂ.શ્રીના એક વખત દર્શન કરો, એના એક જ કટાક્ષનો અનુભવ લો અને તમે પૂ.શ્રીના થયા એ નિર્વિવાદ. પછી તો તમે પૂ.શ્રીથી વિખૂટા પડવાની ઈચ્છા કરશો તો ય પૂ.શ્રી તમને પોતાનાથી વિખૂટા પડવા દેશે જ નહીં. તમારા ઉદ્ધારનો તમારા આધ્યાત્મિક ઉત્કર્ષનો બધો ભાર એમણે પોતાને શિરે લીધો એમજ માની લો. પ્રવાસી અવધૂત. – પૂ. જમિયતરામ કાકા.



created using
BCL easyPDF
Printer Driver
Click here to purchase a license to remove this image



श्री वासुदेवानंदसरस्वती सस्मित सुवाचा । पृच्छा करिती बाळ तू कोणाचा ?।
"तुमचाच" शब्द ये गुरुनिष्ठेचा । शिष्योत्तम पांडुरंग मुखातूनी ।।७७।।

વાસુદેવાનંદ સરસ્વતી સસ્મિત સુવાચા/પૃચ્છા કરિતી “બાલ તૂ કોણાચા ?” /“તુમચાચ” શબ્દ યે ગુરુનિષ્ઠેચા/શિષ્યોત્તમ પાંડુરંગ મુખાતૂની/સ્વામીમુખે નિઘતી તૃપ્ત શબ્દ હે/“હા આમુચા મુલગા આહે” શિષ્ય સ્વીકાર ઝાલા પાહે/ખડીસાખર પ્રસાદ હી દીધલા/ઝાલા પ્રાપ્ત ખરા ગુરુપ્રસાદ/ગુરુપ્રસાદ ખડીસાખર/તે ચ હે મધુર નારેશ્વર/ગુરુનામ ગોડી અપરંપાર/યે થે અસે અક્ષય/પાંડુરંગ પાવલા ગુરુદર્શન.

(મરાઠી ભાષાંતરમાંથી સાભાર – સૌ. લીલાતાઈ જોશી) શ્રી રંગ અવધૂત લીલામૃત

(૧) પરસ્પર જાગૃત થયો, પૂર્વજન્મનો યોગ, એક–બીજાને ભેટવા, ભલો થયો સંજોગ.
(૨) “આહે મુલગા આમચા”, કહી સ્વામી મહારાજ, પાંડુરંગને પ્રેમથી પૂછવા લાગ્યા રાજ.
(૩) કહે રે બાળક તું અરે ! “કો નો છે તું બાળ ?” “આપ તણો” કહે બાબુ, એ ઉત્તર જો તત્કાળ.
(૪) મસ્તક મેં મૂકી દીધું, ભલે થવાનું થાય, નિશ્ચય મનનો માહરા, કદી ન નિષ્ફળ જાય.
(૫) મુજ માંથુ તો ક્યારનું, સદ્‌ગુરુ ખોળા માંહ્ય, મૂક્યું છે મેં તે હજુ, નથી ઉઠાવ્યું ક્યાંય.
(૬) સદ્‌ગુરુ પદપંકજ વિષે રાખે શ્રધ્ધા અનન્ય, તેને સદ્‌ગુરુ નિજ સમો, ખરે! બનાવે ધન્ય.

શ્રી સ્વામી મહારાજે આમુચા મુલગા આહે “આમુચા” શબ્દનો ઉપયોગ પૂજ્યશ્રી પગે લાગ્યા ને સામેથી પોતે કર્યો ને સ્વીકાર કર્યો કે “તું મારો છે” “હું તારો છું” આવું પરસ્પર મિલન, પરસ્પરના પૂર્વ જન્મયોગથી પૂજ્યશ્રીને આ સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું.

પરિવારજનો, આ પ્રસંગને ધ્યાનમાં રાખીને ભાવભીનીં નિષ્ઠાયુક્ત ભક્તિ કરીએ કે જેથી પ્રસન્ન થઈને આપણને ગુરુદર્શન થાય ને સ્વીકારે કે, “તું મારો છે” “હું તારો છું”, તો જ રંગ જામે ! બાકી બધું “હું” “હું” “મારું” “મારું” વ્યર્થ છે.....

જ્યારે જ્યારે પૂ.શ્રીએ બતાવેલ ઉપાયથી ભક્તોના દુઃખો, વિઘ્નો, અશાંતિ કે સાંસારિક વિટંબણાઓ દૂર થતી ત્યારે તેઓ પૂજ્યશ્રી પાસે આવીને આર્તભાવે કહેતા કે “બાપજી ! આપે મારા...” ત્યારે પૂજ્યશ્રી કહેતા કે “આપણાં ગુરુમહારાજ છે ને ! આપણા સૌનું ધ્યાન રાખે છે”.

[ આવા પ્રસંગો પરિવારજનોને ઘણું બધું કહી જાય છે..... સમજીને ભક્તિ કરી એ તો આપણને પણ પૂજ્યશ્રીનાં સાક્ષાત દર્શન થશે જ ! નહીં તો..... પૂજ્યશ્રીએ ભજનોમાં ઘણું બધું કહી દીધું છે !]



created using
BCL easyPDF
Printer Driver
Click here to purchase a license to remove this image

# પ્રાર્થના (આત્મપ્રાર્થના)

"હે અંતઃકરણ ! શબ્દ બ્રહ્મ છે. શબ્દ ધ્વનિ ક્યારે ય નાશ પામતો નથી. મુખમાંથી શું બહાર નીકળે છે તે વધુ મહત્ત્વનું છે. ન બોલવાનું બોલાઈ જાય, ન સાંભળવાનું સાંભળવું પડે, ન જોવાનું જોવાઈ જાય, આ બધાથી ખૂબ જ ગુસ્સો આવે, ગુસ્સે થઈ પણ જવાય, દુઃખી થવાય, હતાશ થઈ જવાય ત્યારે હે અંતઃકરણ ! (મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર) આ શરીરને લાશ માનીને વિચાર કે ત્યારે તું ગુસ્સે થઈ શકીશ ? દુઃખી થવાશે ? નારાજગી વ્યક્ત કરી શકાશે ? ના. બસ તો. (કારણકે તું હોઈશ જ નહી, તું નાશવંત છે.)"

હે અંતરઃકરણ ! આ આત્માની વિનંતી છે. મને (આત્માને) પરમ આત્મામાં ભળી જવા દે. તમે શાંતિપુત્ર બનો. શાંતિપુત્રને અશાંતિ સ્પર્શી ના શકે. હું અખંડ એ બ્રહ્મ છું. મને કોઈ માયા બંડ અડતું નથી.

હે અંતઃકરણ ! મૃત્યુને નજર સમક્ષ રાખીને જીવો."

(આ રીતે આવું રટણ વારંવાર કરતા રહેવાથી આ જ્ઞાનબળે મૃત્યુ પર વિજય પણ પ્રાપ્ત થશે અને આત્માનુભવ પણ થશે. પછી જીવતા સુધી જીવનમુક્ત અવસ્થા રહેશે અને મૃત્યુ બાદ કૈવલ્ય (સાયુજ્ય મુક્તિ)ની પ્રાપ્તિ થશે. અલબત્ત, ગુરુકૃપાની જરૂર તો છે જ.)

હે મારા અંતરાત્મા !

તારી જવાબદારી પવિત્ર ગણજે.

બધા પ્રત્યે નમ્ર થજે.

તારું અંતઃકરણ ડંખ અનુભવે એવું કશું કદી કરીશ નહીં.

જેમને મદદની જરૂર છે તેમના પ્રત્યે સ્વેચ્છાએ હાથ લંબાવજે.

જે તારા ભણી ઊંચું જુએ, તેના ભણી નીચું જોઈશ નહીં.

તારા નિયમથી બીજાનો ચુકાદો તોળીશ નહીં.

તારા ખરાબમાં ખરાબ દુશ્મન પ્રત્યે પણ દુર્ભાવ સેવીશ નહીં.

કોઈની પર, ખોટું કરવા માટે પ્રભાવ પાડીશ નહીં.

કોઈના પ્રત્યે પૂર્વગ્રહ રાખીશ નહીં.

તારા બધા કાર્યોમાં, વિશ્વસનીય બનજે.



created using BCL easyPDF Printer Driver
Click here to purchase a license to remove this image

Kierkegaard's religious notion -
"Prayer does not change God, but it changes him who prays." *

# ગુરુ વચન - ગુરુ વરદાન

અવધૂત તો કાલે દૂર ઉપડી જાય છે. પરંતુ પ્રેમીઓની પાસેથી એ તલમાત્ર પણ દૂર નથી એવું દરેકનું અંતઃકરણ સાક્ષી પૂરશે.

અવધૂતની સાથે જેણે પાંચ મિનિટ શુદ્ધ ભાવથી ગાળી છે તેને પરમાત્મા કદી વિસરનાર નથી. તમારી સત્યનિષ્ઠા હશે તો પથ્થરમાં દેવત્વ પ્રગટી મહદ્‌ભયથી તમને તારશે, એમાં જરાય શંકા નથી.

સ્થૂળ શરીર ભલે અહીં રહ્યું પણ સૂક્ષ્મ ત્યાં જ છે અને દરેકની યોગ્ય સંભાળ લે છે. માટે બિલકુલ ગભરાવું નહીં કે કોઈને ગભરાવા દેવું નહીં.

જીવનના ઉત્તરાર્ધમાં તેમણે હરિદ્વાર તરફ પ્રયાણ કર્યું. ભક્તો તેઓશ્રીને પૂછતા, "બાપજી, હરિદ્વારથી ક્યારે પાછા આવશો?" રંગઅવધૂતજીએ જવાબ આપ્યો, "ભલા, હરિનાં દ્વારે ગયેલો કોઈ પાછો આવ્યાનું સાંભળ્યું છે ?"

**- પૂ. શ્રી રંગ અવધૂત મહારાજ**

---

"મારા જે ભાવિક સેવકો છે અને મને હંમેશા અનન્ય ભાવે ભજે છે તેમને માટે હું કળિકાળમાં પણ અહીં હંમેશ માટે હાજરા હજૂર છું. મારા કહેવાનો મર્મ સમજો. આ મારું સત્ય વચન છે. તમે જરા પણ ચિંતા ન કરશો. હું તમને એકવાર નહીં પણ ત્રણવાર આશ્વાસન વચન કહું છું કે હું ગાણગાપુરમાં રહીને ભક્તોનું હિત કરીશ, કરીશ અને કરીશ જ. તમે એમાં શંકા કરશો નહિ. જે ભક્તો મારામાં આસક્ત છે અને હંમેશા મારી સાથે જોડાયેલા છે તે મને પ્રિય છે અને એમનાં કાર્યો તરત જ સફળ થશે.

હે શિષ્યો ! તમે બધા અંતરમાં ભક્તિ રાખીને પોતપોતાના ઘરમાં મારા ભજનમાં રચ્યાપચ્યા રહો. એ તમને ભોગ અને મોક્ષ બંને આપશે."

**- શ્રી નૃસિંહસરસ્વતી સ્વામી મહારાજ**

---

"પૂર્વ જન્મોમાં મેં જે કર્મો કર્યા છે તેના પરિણામે થતા વ્યાધિઓ મારા આ શરીરમાં પ્રવેશ કરો અને મને દુઃખોની પીડા આપો અથવા તેમાંથી મુક્તિ આપો. હે દેવ ! મારો ફરીથી જન્મ ન થાય - તે માટેની તમે મારા ઉપર કૃપા



* "પોતાના પરમ સુખને માટે જ ભજન કરવાનું છે પરને માટે નહીં". પૂ. શ્રી

created using BCL easyPDF Printer Driver
Click here to purchase a license to remove this image

કરો. એટલે જ કહું છું કે કર્મોનું ઋણ મારા ઉપર ન ચઢો. બધા જ પૂર્વસંચિત કર્મોના વ્યાધિઓ અહીં (મારા દેહમાં) હાજર થાય. હું તે વિષ્ણુના પરમપદમાં ઋણ વગરનો થઈને જવા ઈચ્છું છું."

"તમે બધા 'દત્ત દત્ત' બોલ્યા કરો. મને ઘણો આનંદ છે." એવું બોલીને એ સ્વૈરવિહારી શ્રી ગુરુવર ખડખડાટ હસી પડ્યા.

**- શ્રી વાસુદેવાનંદ સ્વામી મહારાજ**

---

શ્રીપાદ શ્રીવલ્લભ પ્રભુની અમૃતમયી દૃષ્ટિનો અને મહિમાનો પાર નથી. આસો વદ બારસ (વાઘ બારસ) ને હસ્ત નક્ષત્ર (ઋક્ષ) હતું. એ સમયે કૃષ્ણા નદીના જળમાં પ્રભુ કહેવા પૂરતું લીન (અદૃશ્ય) થયા. શ્રીપાદ શ્રીવલ્લભ હંમેશા અદૃશ્ય રહે છે પરંતુ જ્ઞાની એને જોઈ શકે છે અને ભાવના રાખનારને આજે પણ દર્શન આપે છે. "હું પણ (શ્રીપાદ શ્રીવલ્લભ) ફરીથી હેતુવશ આ ધરતી પર નરસિંહ (નૃસિંહ) સરસ્વતીના નામથી પૂર્ણ સન્યાસી રૂપે અવતરીશ." આજે પણ જે ભક્તો મનમાં શ્રદ્ધા અને ભક્તિ રાખીને જાય છે તેને ખુલ્લી આંખે એમનાં પુનિત દર્શન થાય છે. લોકોનું કલ્યાણ કરવાના હેતુથી એણે બીજો અવતાર ધારણ કર્યો છતાં કુરવપુરમાં અદૃશ્ય રહીને આજે પણ ભક્તોનો ઉદ્ધાર કરે છે.

**- શ્રી રંગ અવધૂત મહારાજ (શ્રી ગુરુલીલામૃતનું ગદ્યાંતરમાંથી - શ્રી કુલિનભાઈ ઉપાધ્યાય)**

---

"જાતે જાતે બોલે સ્વામી, હમ ગયા નહીં જિંદા હૈ ।
મેરી તરફ તુમ ધ્યાન સે દેખો, ઈમ્તિહાન તુમ લે કે દેખો ॥
મેરી શરણમેં આકે દેખો, મેરી દુઆ અપનાકે દેખો ॥"

લેતી મહા સમાધિ લેવી વખતે શ્રી સ્વામી સમર્થે (અક્કલકોટનાં સ્વામી સમર્થ) કહ્યું, "હું ક્યાંય જતો નથી. મારું અસ્તિત્વ અહીં અનંતકાળ સુધી રહેશે. મારી તરફ ધ્યાનથી જુઓ. મારી પરખ કરો, મારે શરણે આવો અને મારી કૃપાનો અનુભવ કરો."

**ડૉ. શ્રી મુકુંદ હનુમંતે (અનુવાદક : શ્રી કૌશિકભાઈ ઓઝા)**

**શ્રી સ્વામી સમર્થ મહારાજ, અક્કલકોટ - ભગવત ચૈતન્યનું શલાકા દર્શન**



created using BCL easyPDF Printer Driver
Click here to purchase a license to remove this image